# Passage of USS John Paul Jones through India's EEZ

April 09, 2021

---

# ભારતના EEZમાંથી USS જ્હોન પોલ જોન્સ પસાર થયું

**એપ્રિલ, 09 2021**

સંયુક્ત રાષ્ટ્રસંઘના સમુદ્ર સંબંધિત કાયદા અંગેના સંમેલન બાબતે ભારત સરકારે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતા જણાવ્યું કે, આ સંમેલન અન્ય દેશોને એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોનમાં અને કન્ટીનેન્ટલ શેલ્ફ એટલે કે દરિયાકાંઠાના છીંછરા પાણી ધરાવતા વિસ્તારો પર સૈન્ય કવાયત અથવા લશ્કરી વ્યૂહ, જેમાં ખાસ કરીને શસ્ત્રો અથવા વિસ્ફોટકોનો ઉપયોગ થતો હોય તેવી કવાયતો માટે દરિયાકાંઠાના રાજ્યોની સંમતિ વગર મંજૂરી આપવા માટે અધિકૃત નથી.

પર્શિયન અખાતથી મલાક્કા સ્ટ્રેઇટ્સ તરફ પસાર થઇ રહેલા USS જ્હોન પોલ જોન્સ જહાજ પર સતત દેખરેખ રાખવામાં આવી રહી હતી. અમે EEZમાંથી તે પસાર થવા અંગે રાજદ્વારી ચેનલના માધ્યમથી USA સમક્ષ અમારી ચિંતા વ્યક્ત કરી છે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 09, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.